Marck Biosciences to enter Singapore, Malaysian market

# માર્ક બાયો સિંગાપોર, મલેશિયામાં પ્રવેશશે

## આ દેશોના ઉત્પાદકો તેમની બ્રાન્ડ્સનું આઉટસોર્સિંગ માર્ક પાસેથી કરાવી શકશે

ઇટી બ્યુરો
અમદાવાદ

સ્ટરાઇલ ડોસેજ ફાર્મા પ્રોડક્ટસનું ઉત્પાદન અને માર્કેટિંગ કરતી તથા બ્લો-ફિલ-સીલ સ્પેશ્યાલિસ્ટ માર્ક બાયોસાયન્સીસે ગુરૂવારે સિંગાપોર અને મલેશિયન માર્કેટમાં પ્રવેશવાની જાહેરાત કરી હતી. માર્કે જણાવ્યું હતું કે, તેની ઉત્પાદન સુવિધાને લાર્જ વોલ્યુમ પેરન્ટરલ, સ્મોલ વોલ્યુમ પેરન્ટરલ અને ઓપ્થેલ્મિક માટે મલેશિયન આરોગ્ય મંત્રાલયના એનપીસીબી (નેશનલ ફાર્માસ્યુટિકલ કન્ટ્રોલ બ્યુરો)ની મંજૂરી મળી ગઇ છે. સમગ્ર વિશ્વમાં ૭૦ દેશોમાં હાજરી ધરાવતી માર્ક સિંગાપોર અને મલેશિયામાં ઓપ્થેલ્મિક, ઇરીગેશન સોલ્યુશન્સ, ઇન્જેક્ટિબલ્સ અને રેસ્પિરેટરી સોલ્યુશન્સ તેમજ આઇવી પેરન્ટરલ્સ ફોર્મ્યુલેશન્સ દાખલ કરવા માગે છે.

આ અંગે ટિપ્પણી કરતા માર્ક બાયોસાયન્સીસ લિમિટેડના એમડી ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, ''એનપીસીબીની મંજૂરીની માર્ક પર મોટી અસર પડશે. મલેશિયા અને સિંગાપોરમાં માર્કના પ્રવેશથી અમારી પ્રોડક્ટ્સ માટે નિકાસનું મોટું બજાર



ખૂલી જશે. આ ઉપરાંત આ દેશોના ઉત્પાદકો હવે પોતાની બ્રાન્ડ્સનું આઉટસોર્સિંગ માર્ક પાસેથી કરાવી શકશે. આ ઉપરાંત એનપીસીબી એ ફાર્માસ્યુટિકલ ઇન્સ્પેક્શન કન્વેન્શન એન્ડ ફાર્માસ્યુટિકલ ઇન્સ્પેક્શન કો-ઓપરેશન સ્કીમ (પીઆઇસી/એસ)ની ભાગીદાર છે. પીઆઇસીમાં યુકે અને ઓસ્ટ્રેલિયા સહિતના ૩૬ પાર્ટિસિપન્ટ છે. આ મંજૂરીને કારણે અન્ય પીઆઇસી/એસ દેશોમાં અમારું રજીસ્ટ્રેશન કરાવવામાં સરળતા રહેશે.''

દક્ષિણ-પૂર્વ એશિયન દેશોની કુલ જીડીપી ૨.૨ અબજ ડોલરની થાય છે. માર્ક બાયોસાયન્સીસ ભારત અને વિશ્વના દેશોને પ્રોડક્ટ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડે છે અને તે ટોચની ફાર્મા માર્કેટિયર્સ માટે વિવિધ પ્રકારના ડોસેજનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડક્ટ્સનું માર્કેટિંગ લેટિન અમેરિકા, એશિયા, આફ્રિકા, એશિયા અને પ્રશાંત મહાસાગરના દેશોમાં થાય છે.